# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
# ૭૯મી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૯/૧૦/૨૦૨૧નાં રોજ
# યોજાયેલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૯મી બેઠકનું તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ બપોરે ૦૫.૦૦ કલાકે યુનિવર્સિટી ખાતેના "સુધર્મા હોલ" માં આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
2. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ - સભ્યશ્રી
3. ડૉ. પકંજ ત્રિવેદી – સભ્યશ્રી
4. શ્રી જયશંકરભાઈ રાવલ - સભ્યશ્રી
5. ડૉ.લલીતકુમાર એ.પટેલ- સભ્યશ્રી
6. ડૉ.આશાબેન માઢક - સભ્યશ્રી
7. શ્રી અર્જુનકુમાર શામલ- સભ્યશ્રી
8. ડૉ. કાર્તિક પંડયા – સભ્ય સચિવ (માનનીય કુલપતિશ્રીના ફાઈલ પરના આદેશ અન્વયે)

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સભ્યસચિવ દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૭૯.૧ ગત એક્ઝીક્યુટીવ કાઉન્સીલની તા.૧૨/૧૦/૨૦૨૧ થી આજદિન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૧૨/૧૦/૨૦૨૧ થી તા.૨૯/૧૦/૨૦૨૧ દિન સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ અને યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૯.૨ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૬થી થયેલ નિર્ણય અનુસાર ૧૧ માસના કરાર આધારિત ગૃહપતિ, ગૃહમાતા, પીજીડીસીએ કો-ઓર્ડીનેટર, વહીવટી અધિકારી અને લેબ આસિસ્ટન્ટ (ક્લાર્ક સમકક્ષ) જગ્યાઓ માટેના ઈન્ટરવ્યુ તા.૨૨/૧૦/૨૦૨૧ તથા તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ, જે અંગેના ઈન્ટરવ્યુ સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલવા બાબત.

ઠરાવ : એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૬થી થયેલ નિર્ણય અનુસાર, ૧૧ માસના કરાર આધારિત ગૃહપતિ, ગૃહમાતા, પીજીડીસીએ કો-ઓર્ડીનેટર, વહીવટી અધિકારી અને લેબ આસિસ્ટન્ટ (ક્લાર્ક સમકક્ષ) જગ્યાઓ માટેના ઈન્ટરવ્યુ તા.૨૨/૧૦/૨૦૨૧ તથા તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ હતા. માન.કુલપતીશ્રીને મળેલ સત્તાની રૂએ જે-તે વિષય નિષ્ણાંતોની તેમજ ઈન્ટરવ્યુની પેનલ બનાવવામાં આવેલ હતી, તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી, અને ઈન્ટરવ્યુની કરવામાં આવેલ સમગ્ર પ્રક્રિયાને બહાલી આપવામાં આવી હતી. જે-તે જગ્યા પરની પસંદગી સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલતા સમિતિ દ્વારા કરેલ ભલામણને માન્ય રાખવામાં આવેલ તથા પસંદગી પામેલ ઉમેદવારોને ત્વરિત નિમણુંક પત્ર આપી હાજર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. વિવિધ જગ્યાઓ માટે પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ તથા પ્રતીક્ષા યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | પ્રતીક્ષા યાદી |
|---|---|---|---|
| ૧ | ૧૧ માસના કરાર આધારિત ગૃહપતિ | સિંધલ ધવલભાઈ ભરતભાઈ | ખખડું રવિ રમેશભાઈ |
| ૨ | ૧૧ માસના કરાર આધારિત ગૃહમાતા | ભાવિષા અમૃતલલાલ શ્રીગૌડ | કિર્તિદાબેન નિલેષભાઈ વ્યાસ |
| ૩ | ૧૧ માસના કરાર આધારિત પીજીડીસીએ કો-ઓર્ડીનેટર | સંદીપ લાભશંકર જોષી | પારસકુમાર જે. પાતળ |
| ૪ | ૧૧ માસના કરાર આધારિત વહીવટી અધિકારી | રામભાઈ વીરાભાઈ બાકુ | બિપિન બાબુભાઈ માંગુકીયા |
| ૫ | ૧૧ માસના કરાર આધારિત ટેકનિકલ આસિસ્ટન્ટ (ક્લાર્ક સમકક્ષ) | ભૌમિક આર. આંજની | રાહુલ એન. ચુડાસમા |



Shree Somnath Sanskrit University VERAVAL

ઉપરોક્ત પ્રતીક્ષા યાદી ૨૯/૧૦/૨૦૨૧ થી ૬(છ) માસ મહિના સુધી લાગું પડશે તેમ ઠરાવવામાં આવ્યું.

૭૯.૩ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૫થી થયેલ નિર્ણય અનુસાર યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ માટે આસિસ્ટન્ટ પ્રોફેસર - સાહિત્ય (મહિલા) તેમજ યુનિવર્સિટી ખાતેની આસિસ્ટન્ટ પ્રોફેસર - પુરાણની મંજૂર થયેલ જગ્યાઓના ઈન્ટરવ્યુ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ, જે અંગેના ઈન્ટરવ્યુ સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલવા બાબત.

ઠરાવ : એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૫થી થયેલ નિર્ણય અનુસાર દિવાળી પહેલા સદર શૈક્ષણિક જગ્યાઓના ઈન્ટરવ્યુનું આયોજન કરી વહેલી તકે ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવે જેને ધ્યાને લઈ તા.૨૮/૧૦/૨૦૨૧ના રોજ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ માટે આસિસ્ટન્ટ પ્રોફેસર - સાહિત્ય (મહિલા) તેમજ યુનિવર્સિટી પુરાણ વિભાગ ખાતેની આસિસ્ટન્ટ પ્રોફેસર - પુરાણની મંજૂર થયેલ જગ્યાઓના ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ યોજાયેલ ૬૧મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૬૧.૦૮ થી નિયત થયેલ ગુણાંકન પદ્ધતિએ તેમજ ઈન્ટરવ્યુની પેનલ બનાવવા અંગે યુજીસીના નિયમાનુસાર તેમજ માન.કુલપતીશ્રીને મળેલ સત્તાની રૂએ જે-તે વિષય નિષ્ણાંતોની ઈન્ટરવ્યુની પેનલ બનાવવામાં આવેલ હતી, તેને તેમજ ઈન્ટરવ્યુની કરવામાં આવેલ સમગ્ર પ્રક્રિયાને બહાલી આપવામાં આવી હતી. જે-તે જગ્યાની પસંદગી સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલતા સમિતિ દ્વારા કરેલ ભલામણને માન્ય રાખવામાં આવી. વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાને લઈ પસંદગી પામેલ તમામ ઉમેદવારને ત્વરિત નિમાણુંક પત્ર આપી હાજર કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. જે - તે જગ્યા માટે પસંદગી પામેલ તથા પ્રતીક્ષા યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત/જગ્યાનું નામ | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | પ્રતીક્ષા યાદી |
|---|---|---|---|
| ૧. | આસિસ્ટન્ટ પ્રોફેસર – સાહિત્ય (જનરલ – મહિલા) યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ માટે | ડૉ. પ્રિયંકા દ્વિવેદી **D/O** શ્રી વિનોદ દ્વિવેદી | રામકુમારી **D/O** છિદ્દા સિંગ |
| ૨. | આસિસ્ટન્ટ પ્રોફેસર – પુરાણ (ST) યુનિવર્સિટી પુરાણ વિભાગ માટે | ડૉ. કિરણભાઇ શંકરભાઇ ડામોર | ગામીત કરિશ્મા સુનીલભાઇ |

ઉપરોક્ત જે-તે વિષય/પદ માટેની પ્રતીક્ષા યાદી ૨૯/૧૦/૨૦૨૧ થી ૬(છ) માસ મહિના સુધી લાગું પડશે તેમ આવ્યું.

૭૯.૪ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૧૬.૦૧ થી થયેલ નિર્ણય અનુસાર જાહેરાત અંતર્ગત ઈન્ટરવ્યુ અન્વયે યુનિવર્સિટી દ્વારા એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)થી રાજેન્દ્ર પટેલ મારફત ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ અભ્યાસક્રમ માટેની જાહેરાત, યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ માટે આસિસ્ટન્ટ પ્રોફેસર – સાહિત્ય (જનરલ–મહિલા) તેમજ યુનિવર્સિટી ખાતેની આસિસ્ટન્ટ પ્રોફેસર – પુરાણ(એસ.ટી.)ની જાહેરાતની ગુજરાત હાઈકોર્ટમાં બંને જાહેરાત માટે અલગ અલગ કુલ બે કેવીએટ દાખલ કરવામાં આવેલ છે, જે અંગે બહાલી આપવા બાબત.

ઠરાવ : એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૧૬.૦૧ થી થયેલ નિર્ણય અનુસાર ભરતી પ્રક્રિયામાં કોઈ અડચણ ઊભી ન થાય તે હેતુથી તા.૦૮/૧૧/૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કૉલેજ માટે આસિસ્ટન્ટ પ્રોફેસર - સાહિત્ય (મહિલા) તેમજ યુનિવર્સિટી ખાતેની આસિસ્ટન્ટ પ્રોફેસર - પુરાણની ની જાહેરાત તેમજ યુનિવર્સિટી દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ ગુજરાત સમાચાર તથા ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ લોકદૂત, મોર્નિંગ ડેઈલીમાં આપેલ વિવિધ બી.એ.બી.એડ જગ્યાઓની ભરતીની જાહેરાત અનુસંધાને તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં યુનિવર્સિટી દ્વારા એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) રાજેન્દ્ર પટેલ મારફત દ્વારા બે કેવીએટ દાખલ કરવામાં આવેલ જે અંતર્ગત કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૯.૫ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૪થી થયેલ નિર્ણય અનુસાર ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ. અભ્યાસક્રમ માટે મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કરાર આધારિત ફિક્સ પગારની જગ્યાઓ (૧) આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી, (૨) આસિસ્ટન્ટ પ્રોફેસર - હિન્દી તેમજ નિયમિત જગ્યાઓ (૧) આસિસ્ટન્ટ પ્રોફેસર અંગ્રેજી (SEBC) અને (૨) આસિસ્ટન્ટ પ્રોફેસર – શિક્ષણ (નવ્ય વ્યાકરણ – જનરલ)ના ઈન્ટરવ્યુ તા.૨૮/૧૦/૨૦૨૧ તથા ૨૯/૧૦/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ, જે અંગેના ઈન્ટરવ્યુ સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલવા બાબત.

ઠરાવ : એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૮મી બેઠકમાં ક્રમાંક : ૭૮.૦૪થી થયેલ નિર્ણય અનુસાર ઈન્ટીગ્રેટેડ બી.એ.બી.એડ. અભ્યાસક્રમ માટે મંજૂર થયેલ વિવિધ જગ્યાઓ અનુસંધાને તા.૨૮/૧૦/૨૦૨૧ તથા ૨૯/૧૦/૨૦૨૧ ના રોજ



Shree Somnath Sanskrit University * VERAVAL

ઈન્ટરવ્યુ યોજવામાં આવેલ, જેમાં તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ યોજાયેલ ૬૧મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૬૧.૦૮ થી નિયત થયેલ ગુણાંકન પદ્ધતિએ તેમજ ઈન્ટરવ્યુની પેનલ બનાવવા અંગે યુજીસીના નિયમાનુસાર તથા માન.કુલપતીશ્રીને મળેલ સત્તાની રૂએ જે-તે વિષય નિષ્ણાંતોની ઈન્ટરવ્યુની પેનલ બનાવવામાં આવેલ હતી, તેને તેમજ ઈન્ટરવ્યુની કરવામાં આવેલ સમગ્ર પ્રક્રિયાને બહાલી આપવામાં આવી હતી, પસંદગી સમિતિ દ્વારા આપેલ બંધ કવર ખોલતા સમિતિ દ્વારા કરેલ ભલામણને માન્ય રાખવામાં આવેલ. વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાને લઈ પસંદગી પામેલ તમામ ઉમેદવારને ત્વરિત નિમણુંકપત્ર આપી હાજર કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. જે - તે જગ્યા માટે પસંદગી પામેલ તથા પ્રતીક્ષા યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત/જગ્યાનું નામ | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | પ્રતીક્ષા યાદી |
|---|---|---|---|
| ૧ | આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી (કરાર આધારિત ફિક્સ) | પ્રિયંક પંકજભાઇ ઠાકર | -- |
| ૨. | આસિસ્ટન્ટ પ્રોફેસર – હિન્દી (કરાર આધારિત ફિક્સ) | અશ્વિનગીરી ગુલાબગીરી અપારનાથી | સવજી દેવસીભાઇ ભગોરા |
| ૩. | આસિસ્ટન્ટ પ્રોફેસર - અંગ્રેજી (SEBC) (નિયમિત જગ્યા) | ડૉ. ભગવતીબેન પરબતભાઇ ડાભી | ડૉ. કશ્યપકુમાર જી. પારેખ |
| ૪. | આસિસ્ટન્ટ પ્રોફેસર – શિક્ષણ (GEN) (નવ્ય વ્યાકરણ) (નિયમિત જગ્યા) | ડૉ. અમિષા દવે | ડૉ. વિશ્વજિત પ્રામાણિક |

ક્રમ – ૧ અને ૨ની જગ્યાઓ સરકારશ્રી દ્વારા વિઝીટીંગ મંજૂર થયેલ હોય તેઓને ૧૧માસના કરારથી રૂ.૨૫,૦૦૦/- ફીક્સ પગારથી નિમણુંક આપવી તેમજ તેઓની સેવા બી.એ. અને બી.એડ. માં લેવાની રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

ઉપરોક્ત જે-તે વિષય/પદ માટેની પ્રતીક્ષા યાદી ૨૯/૧૦/૨૦૨૧ થી ૬(છ) માસ મહિના સુધી લાગું પડશે તેમ ઠરાવવામાં આવ્યું.

૭૯.૬ ગુજરાત સરકારશ્રી દ્વારા સંભવિત તારીખ ૦૫/૦૬ જાન્યુઆરી -૨૦૨૨ ના રોજ યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા અંગે.

ઠરાવ: ગુજરાત સરકારશ્રી દ્વારા સંભવિત તારીખ ૦૫/૦૬ જાન્યુઆરી -૨૦૨૨ ના રોજ યોજાનાર વાઈબ્રન્ટ સમિટનું આયોજન થનાર છે જેને ધ્યાને લઈ તા.૨૫/૧૦/૨૦૨૧ ના રોજ માન.કુલપતિશ્રી કાર્યાલય ખાતે યોજાયેલ મીટીંગની વિગતો સૌ અધિકારીશ્રી/કર્મચારીઓ સમક્ષ માનનીય કુલપતીશ્રી દ્વારા રજૂ કરવામાં આવી હતી તેનો અહેવાલ મહાનુભાવો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલ તથા મીંટીગમાં લેવાયેલ નિર્ણય અનુરૂપ કામગીરી કરવી તેમજ અત્રેની યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ NAAC A+ Grade તેમજ UGC -12 (B)ને અનુરૂપ ગુણવત્તાયુક્ત તેમજ ગરિમાપૂર્ણ રીતે Vibrant Gujarat – 2022 ના આયોજનમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું તથા સદર વાયબ્રન્ટ ગુજરાત – ૨૦૨૨ ના બજેટ વિષયક ચર્ચા કરવામાં આવી જેમાં અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) થનાર ખર્ચ બાબતે સરકારશ્રી પાસેથી રિવાઈઝડ બજેટમાં માંગણી કરવી, સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મંજૂર થયેથી ગ્રાન્ટમાંથી અને જો ગ્રાન્ટ ન મળે તો યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ખર્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું તથા સદર બાબત આગામી ફાઈનાન્સ કમિટિમાં મંજૂરી મેળવવી તેમજ હાલ આગળની પ્રક્રિયા કરવી તેમ ઠરાવવામાં આવેલ હતું.

૭૯.૭ કચેરી સુવિધા વ્યવસ્થાપન કામગીરી માટે GEM Portal થી ઓનલાઈન બીડ મંગાવવામાં આવેલ, જેમાં કુલ ૮૭ પેઢી/એજન્સીઓ એકસરખા ભાવે L-1 હોઈ, આ અંગે માનનીય કુલપતિશ્રીની સંબંધિત ફાઈલ પરની મંજૂરી અન્વયે પસંદગીના માપદંડ નક્કી કરેલ, જે મુજબ L-1 પેઢી/એજન્સીઓ પૈકી જે પેઢી/એજન્સીઓ લોકલ હોય અને અનુભવ તેમજ રેકર્ડ સારો હોય તે પેઢી/એજન્સી પસંદગી કરવી, જે અંગે કરેલ કામગીરીને બહાલી આપવા બાબત.

ઠરાવ: કચેરી સુવિધા વ્યવસ્થાપન કામગીરી માટે GEM Portal થી ઓનલાઈન બીડ મંગાવવામાં આવેલ, જેમાં કુલ ૮૭ પેઢી/એજન્સીઓ એકસરખા ભાવે L-1 હોઈ જેમાં GEM Advisory માં જણાવ્યા અનુસાર " All Bidders Quoting same price are shown at same level, Buyers may have their own criteria to Select L1" જેને ધ્યાને લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા ફાઈલ પર મળેલ આદેશ અન્વયે કમિટિ દ્વારા અનુભવી



Shree Somnath Sanskrit University VERAVAL

પેઢી/એજન્સીઓ તથા વેરાવળ લોકલની પ્રાધાન્યતાને ધ્યાને લઈ શ્રીજી એન્ટરપ્રાઈઝ, વેરાવળની પસંદગી કરવામાં આવી જે તેમ કુલપતિશ્રીએ જણાવેલ ત્યારે આ અંગે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૭૯.૮ મહાનુભાવોના સૂચનો- પ્રો. જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ – પસંદગી પામેલ ઉમેદવારોને સત્વરે જાણ કરી નિયુક્તિપત્ર પાઠવવા સર્વાનુમતે ભલામણ કરવામાં આવી હતી.

૭૯.૯ અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે....

૭૯.૯.૦૧ તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ ૭૮મી એક્ઝીક્યુટીવ કાઉન્સીલનાં ઠરાવ ક્રમાંક ૭૮.૦૭ માં લેવાયેલ નિર્ણયાનુસાર યુનિવર્સિટીની વેબસાઈટ, યુનિવર્સિટીનાં લેટરપેડ, માર્કશીટ, સર્ટિફિકેટમાં યુનિવર્સિટીના નામ સાથે 12(B) અને NAAC A+ ઉમેરવા બાબતે નક્કી થયા અનુસાર સમિતિનું ગઠન કરવામાં આવેલ જે અંગેની આગળની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે સદર બાબતની જાણ મહાનુભાવો સમક્ષ કરવામાં આવી હતી.

૭૯.૯.૦૨ ડૉ.રમેશચંદ્ર શુક્લ દ્વારા તેઓને સસ્પેન્ડ કર્યા બાદ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની તા.૧૬/૦૯/૨૦૨૧ ની ૭૭મી બેઠકમાં ઠરાવ ક્રમાંક ૭૭.૦૯ થી લેવાયેલ નિર્ણય મુજબ તેઓ તા.૨૪/૦૯/૨૦૨૧થી પુનઃ હાજર થયેલ છે. ત્યારે તેઓએ તા.૨૩/૧૦/૨૦૨૧ ના રોજ યુનિવર્સિટીને પત્ર લખી RTI અંતર્ગત માહિતી માંગેલ છે તેમજ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ તેમના તરફથી પત્ર આવેલ છે તે વંચાણે લેવાનો થાય છે તેમ કુલપતિશ્રી દ્વારા બાબત મૂકવામાં આવી હતી. તે અંગે સૌ મહાનુભાવોએ બંને પત્રોને વંચાણે લીધા અને ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, આ અંગે યુનિવર્સિટીના વકીલનું માર્ગદર્શન લેવું અને તે આગામી બેઠકમાં રજૂ કરી આ અંગે ચર્ચા – વિચારણા કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

બેઠકને અંતે કુલપતિશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો તથા બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

Shree Somnath Sanskrit University VERAVAL

29.10.2021

ડૉ. કાર્તિક પંડ્યા
(સભ્યસચિવ)